

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

છાપ સુધારવા મોદી હવે 'મોરારજી' થાય છે!
ને એમાં ને એમાં ગુજરાતને અન્યાય થાય છે!
જાય છે કોળિયો સદા મોં માં જ જેના હાથમાં હોય -
સૂકે કંઠે સૌરાષ્ટ્રનો, બીજે 'વાહ-વાહ' થાય છે.
('ગુજરાતને અન્યાય' - વિજય રૂપાણી ભાજપી પ્રધાનશ્રી)

હાઈકુ

કરી ન શકે -
'શૂટીંગ' એ તે કેવી?!
છે સહિષ્ણુતા?!
(લોકશાહીને ભોંકાયું 'ત્રિશૂલ')

ધર્મ-જાતિથી
ભાંગી નાખ્યો આ દેશ -
નેતાશ્રીઓ એ...
(રતન તાતા)

### ચિંતન

**દુર્બલાશ્રયો દુખભાવહતિ ॥**

'ચાણક્ય નીતિશાસ્ત્ર' નું આ સૂત્ર છે.

'દુર્બળ-નબળા-અશક્તનો આશ્રય લેવાથી આપણે જ દુઃખ સહન કરવું છે. દુઃખદાયી બને છે.'

પાકિસ્તાન બળો દેશ છે એની લોકશાહી સેના પાયા પર ટકી છે. 'સરમુખત્યારી' એની રગોમાં વહે છે. કાયદા-કોર્ટો-સૈન્યની આંખ નીચે વિકાસ પામે છે. આતંકી જૂથો સૈન્ય અને સત્તાના ટેકામાં સતત ઊભા રહે છે.

ગુનાઈત ડૉનો તેમની આર્થિક શક્તિ છે. આવા અશક્ત સાથે મૈત્રી કે સંબંધોમાંથી કંઈ જ પ્રાપ્ત થાય નહીં. ઊલ્ટું તેના પર વિશ્વાસ મૂકી ટ્રેન-બસ-વેપાર શરુ કરવામાં આવે તો એમાં ફાયદાને બદલે નૂકશાન થવાનું વધારે જોખમ હોય છે.

નબળા દેશ માટેની મૈત્રી દુઃખમયી જ બને છે.

### સુવિચાર

- જે-જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ બની રહો તે જ સમાધિયોગ - **ઉમાશંકર જોષી**
- જ્ઞાનથી આંખ આંજવી ને માંજવું મન ભક્તિથી - **હરિભાઈ કોઠારી**
- વક્ત કા પતા ચલતા નહીં અપનો કે સાથ...
  અપનોં કા પતા ચલતા હૈ વક્ત કે સાથ... - **રાસબિહારી દાસ**
- કોઈ પણ સંબંધોમાં લાગણીઓનું શોષણ (ઈમોશનલ બ્લેકમેઈલીંગ) કરવાની વૃત્તિ સંબંધને ધીરેધીરે મારી કાઢે છે - **ઓશો**
- પ્રેમ જયારે વહે છે ત્યારે અનુકંપા બને છે જયારે તે ઉછળે છે ત્યારે ક્રોધ બને છે - **શ્રી શ્રી રવિશંકર**
- દિવસની પ્રશંસા રાત પડ્યે કરજો, અને જિંદગીની તેને છેડે - **બર્નાડ શો**
- આજનું ઔષધ : સૂરણ રાંધીને ઘીમાં ખાવાથી હરસ-મસા મટે છે **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ વાલી-માતા-પિતા બાળકોને લાડ-લડાવે અને જે માગે તે અલાદીનની જેમ હાજર કરી દે. સંતાન ભણવામાં ધ્યાન આપે ન આપે. પરિણામ આવે ત્યારે ઘણાં સંતાન ઘર છોડી જાય કે અનિચ્છનીય પગલાં ભરે ત્યારે મા-બાપની સ્થિતિ કફોડી થઈ જાય છે. સંતાનના ભણતર માટે મા-બાપે શરુઆતથી જ જાગૃત રહેવું જોઈએ.

મુલ્લાં નસીરૂદ્દીનનો પુત્ર ડાહ્યો અને આજ્ઞાંકિત હતો. મૂલ્લાં એ તેની માટીની મટકી આપી કૂવેથી પાણી ભરી લાવવા કહ્યું, અને જોજે મટકી ટૂટે નહીં! નહીં તો આવી લપડાક લાગશે. એમ કહી ગાલ પર જોરદાર તમાચો ચોડી દીધો!

બાજુમાં મુલ્લાં તો મિત્ર મહેમૂદ બેઠો હતો. એણે જોયું કે મુલ્લાં એ નિર્દોષ છોકરાને જોરદાર તમારો માર્યો - એટલે કહ્યું, મુલ્લાં છોકરો તો હજી પાણી ભરવા ગયો નથી ને મટકી પણ તૂટી નથી. એનાં પહેલાં જ તમાચો મારવાની શી જરુર હતી!

મુલ્લા કહે - મટકી તૂટ્યા પછી તો મારવાનો શું અર્થ - અત્યારે મારી લીધું હોય તો છોકરાને યાદ રહે - કે મટકી તોડવાની નથી!!

## વધતા અકસ્માતો ચિંતાજનક

### તંત્રીસ્થાનેથી...

નવસારી જિલ્લામાં ગુરુકુળ-સૂપા નજીક પૂર્ણા નદીના પુલ પરથી નદીમાં ખાબકેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પિસ્તાળીસ જેટલા નિર્દોષ નાગરિકોના અકાળ મૃત્યુનું નિમિત્ત બની છે, તેની નોંધ લેતાં કોઈ પણ સંવેદનશીલ હૈયું હચમચી જશે. સરકારે ભોગ બનેલા કમનસીબ જીવોનાં સ્વજનોને ચાર ચાર લાખ જેવી માતબર સહાય આપવાનો નિર્ણય લીધો છે, તે જરુર આવકારવાલાયક છે, પરંતુ એક માનવીની જિંદગીની કિંમત કયારેય રૂપિયા-આના-પાઈથી કરી શકાય નહીં. જેમનાં ગોઝારા અકસ્માતમાં મોત થયેલ છે એ બધાંને પોતાની જિંદગી ભરપૂર જીવવાનાં સપનાં હશે. સવિશેષ આ અકસ્માતમાં વિદ્યાર્થીઓનાં મોત નીપજ્યા છે તે વળી વધુ હૃદયદ્રાવક બની છે. નવસારી-બારડોલી અને દાંડી વચ્ચેનાં ગામડાંમાં વિશેષ વસતી કોળી પટેલો અને આદિવાસીઓની છે. આ ગરીબ શ્રમજીવી સમાજ શિક્ષણ મેળવીને પગભર થવા મથી રહ્યો છે. એની આશાની દીવડી સમી દીકરીઓ અને અન્ય સમાજો સાથે હરીફાઈ કરવા ઉત્સુક દીકરાઓ એ પંથકની કૉલેજોમાં ભણવા જાય છે. એમની પાસે પોતાની માલિકીનાં વાહનો ન હોય તે સ્વાભાવિક છે - સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો એમના માટે આશીર્વાદરુપ નીવડતી હોય છે. માસિક પાસ કઢાવીને તેઓ પોતપોતાની વિદ્યાસંસ્થાથી ઘર સુધી આવજા કરતા હોય છે. આવા વિદ્યાર્થીઓના જીવનદીપ કોઈ ડ્રાઈવરની ગફલતથી ઓચિંતા જ રામ થઈ જાય ત્યારે આપણે - પ્રબુદ્ધ જનોએ આપણી પ્રવર્તમાન વાહન વ્યવહાર વ્યવસ્થા વિશે ફેર વિચારણા કરવાની જરુર છે એમ નથી લાગતું? એસ.ટી. ના કર્મચારીઓએ પણ આ મુદ્દે ગંભીરતાપૂર્વક વિચારવા જેવું છે. મોટા ભાગે આવા અકસ્માતો વધુ પડતી ઝડપને લીધે અથવા નશાની હાલતમાં વાહન ચલાવવાથી થતા હોય છે. લકઝરી વાહનો સાથે આવા અકસ્માતો વિશેષ પ્રમાણમાં નોંધાતા રહે છે, એનું કારણ પણ વધુ પડતી ઝડપ અને બેદરકારી જ હોય છે. વળી આવા અકસ્માતો રાતના સમયે વિશેષ બને છે. અહીં જે ગોઝારી ઘટના બની છે. એમાં ત્રણ સવારીવાળા બાઈકને બચાવવા માટે બ્રેક મારવી પડી છે અને તેથી આખી એસ.ટી. બસ નદીમાં ખાબકી છે. વધુ તપાસ થતાં સાચી વીગતો બહાર આવશે, કોઈ કહે છે કે બાઈક રોંગ સાઈડ પર આવી રહી હતી, કોઈ કહે છે કે બસ રોંગ સાઈડે વધુ ઝડપે દોડી રહી હતી. વળી વળાંક હતો અને પછી પુલ હતો. જે સાવચેતી રાખવી જોઈતી હતી તે ડ્રાઈવર રાખી શક્યો નથી, તે હકીકત છે. ડ્રાઈવરે પોતે પણ જીવ ગુમાવ્યો છે. આવી ઘટનાઓ રોકવા માટે સૌ પહેલાં તો રોડ પહોળાં - એક માર્ગી કરવાની જરુર છે. વળી પુલ જેવી જગ્યાઓ પર વાહનોની અવરજવર નિયંત્રિત કરવાની પણ જરુર છે. આપણે ત્યાં ભરૂચનો ગોલ્ડન બ્રિજ આવા નિયંત્રિત વાહનવ્યવહારનું નેત્રદીપક ઉદાહરણ છે. સો વરસથી વધુ ઉંમરના આ નર્મદા ઉપર આવેલ પુલ પર આવા ગોઝારા અકસ્મો નથી નોંધાયા જયારે પૂર્ણા નદી નાની નદીના પુલ પરથી આખી બસ ઊથલી પડે છે. સરકારે, સમાજે અને ડ્રાઈવર આલમે આ મુદ્દે જાગ્રત થવાની તાતી જરુર છે. આજે દુનિયામાં મૃત્યુનાં સૌથી મહત્ત્વનાં ચાર કારણો પૈકી માર્ગ અકસ્માત એક છે. કેન્સર, હાર્ટ એટેક, ડિપ્રેશનને લીધે કરાતી આત્મહત્યા જેવાં કારણો તો સમજી શકાય; અલબત્ત, એ તમામ પર નિયંત્રણ કરવાની પણ જરુર છે જ. પરંતુ આ માર્ગ અકસ્માત એ તો માનવસર્જિત દુર્ઘટના છે. એના પર નિયંત્રણ મેળવવા માટે સહિયારા પુરુષાર્થની જરુર છે. અન્ય કારણોસર થયેલ મૃત્યુ પણ દુઃખદ તો છે જ, પરંતુ માર્ગ અકસ્માતથી થનાર મૃત્યુ તો તદ્દન અણચિંતવ્યું અને અત્યંત દુઃખપ્રદ જ ગણાય. આવા કમનસીબ જીવો તો ઘણું લાંબુ જીવી શક્યા હોત - એમની જિંદગીને અધવચ્ચે જ બટકી નાખવામાં આવે છે, તે કેવી ટ્રેજેડી છે! જયારે માણસ પાસે વાહનો નહોતા - બળદગાડાં કે ઘોડા પર પ્રવાસ કરાતો હતો ત્યારે આવી દુર્ઘટનાઓ નહોતી બનતી. પ્રગતિ સાથે માનવજાતને મળેલો બલકે એણે વહોરી લીધેલો આ અભિશાપ છે, જેનું નિવારણ પણ માણસે જ શોધવું રહ્યું.

## રોજ શોધાઈ રહી છે... જીવોની નવીન જાતિઓ...



### વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

આપણી પૃથ્વીની ઉત્પત્તિ થયાને ૪.૬ અજબ વર્ષ જેટલો સમય થયો. એવું કહેવાય છે કે પૃથ્વી પર જીવોની ઉત્પત્તિ થયાંને ૩.૮ અજબ વર્ષ થયા. તેનો અર્થ એવો થયો કે આજનું જૈવવૈવિધ્ય ૩.૮ અજબ વર્ષોની ફલશ્રુતિ છે.

આપણે જાણીએ છીએ તે મુજબ આ પૃથ્વી પર વાતાવરણ, જલાવરણ, મુદ્રાવરણ ઉપરાંત જીવાવરણ છે. જેમાં પ્રાણી અને વનસ્પતિ સૃષ્ટિનો સમાવેશ થાય છે. પૃથ્વી પરની સજીવ સૃષ્ટિનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તે પ્રમાણે સૃષ્ટિ, ઉપસૃષ્ટિ, સમુદાય, ઉપરસમુદાય, અનુસમુદાય, ઉપરીવર્ગ, વર્ગ, શ્રેણી, ગોત્ર, કુળ, પ્રજાતિ, જાતિ એમ કક્ષાઓમાં વહેંચવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જાતિ (Species) કે પેટા જાતિ (Sub-Species) ના આધારે વર્ણનો કે ઉલ્લેખ વધુ પ્રમાણમાં કરવામાં આવે છે. જાતિ વર્ગીકરણનો મુખ્ય એકમ ગણાય છે.

જાતિ એટલે શું? તેની વ્યાખ્યા કરીએ તો લક્ષણોમાં વધુમાં વધુ સામ્યતા ધરાવતા અને આંતર પ્રજનન કરી, પ્રજનનક્ષમ સંતતિ સર્જવાની ક્ષમતા ધરાવનાર સજીવોના સમુહને જાતિ કહે છે. તેમાં સામાન્ય પૂર્વજ ધરાવતી જાતિઓના સમુહને પ્રજાતિ કહેવામાં આવે છે. સજીવોના નામકરણ કે વર્ગીકરણ લેટિન ભાષામાં કરવામાં આવે છે. પ્રથમ નામ પ્રજાતિ અને બીજી નામ જાતિનું અપાય છે. પ્રજાપતિના નામનો પ્રથમ મૂળાક્ષર મોટી (કેપીટલ) લિપિમાં લખાય છે. જાતિનું નામ નાની લિપિમાં લખાય છે અને સજીવનું પ્રચલિત નામ તે પછી લખાય છે. વૈજ્ઞાનિક નામ ત્રાંસા (Italic) અક્ષરે લખાય છે.

આ પૃથ્વી પર સજીવોની જાતિઓ કેટલી તેનો ચોક્કસ આંકડો કે સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી. પરંતુ પૃથ્વી પર ૧૦૦૦ લાખ જેટલી જાતિઓ હોવાનો એક અંદાજ મુકવામાં આવે છે. વૈજ્ઞાનિકો, નિષ્ણાંતો, સંશોધકો દ્વારા વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિના અભ્યાસો કરવામાં આવે છે. તે દરમિયાન નીતનવીન જાતિઓ શોધાઈ રહી છે. આ બધામાં કીટકો કે જે કદમાં નાના, દુર્ગમ સ્થળો-વિસ્તારોમાં વસવાટ કરતાં હોઈ તથા તેની સંખ્યાનું પ્રમાણ અન્ય જીવો કરતાં વધુ હોવાથી જીવોની નવીન શોધાતી જાતિઓમાં તેમની સંખ્યા સહુથી વધુ હોય છે. જયારે ક્રમાનુસાર સસ્તનો, પક્ષીઓ, માછલીઓ, ઉભયજીવીઓની જાતિઓને મુકી શકાય. જયારે ફંગી અને સૂક્ષ્મજીવોની સંખ્યા તો આપણી સમજની બહાર છે તેમ કહી શકાય.

આધુનિક વિજ્ઞાનમાં હવે ફક્ત બાહ્ય દેખાવ કે દેહાકૃતિ ઉપરાંત જનીનિક વૈવિધ્યનો પણ સમાવેશ થવાથી ખુબ જ મોટું પરિવર્તિત આવેલું જોઈ શકાય છે. પ્રથમ દષ્ટિએ એક જાતિના જીવોમાં પણ તફાવત જોવા મળતાં હોઈ તેમને અલગ-અલગ જીવોની યાદી/ઓળખમાં મૂકવામાં આવી રહ્યાં છે.

અત્યાર સુધીમાં ૧૯.૨૦ લાખ જેટલા જીવોને ઓળખી કાઢવામાં આવ્યા છે. જે સંખ્યા રોજેરોજ વધી રહી છે અને હજુ કેટલી જાતિઓ શોધવાની તેનો પણ અંદાજ લગાવી શકાય તેમ નથી.

ગત વર્ષ ૨૦૧૫ દરમિયાન આપણા ભારત દેશમાં ૨૪૬ પ્રાણીઓની તથા ૨૭૭ વનસ્પતિની જાતિઓ એમ કુલ ૫૨૩ જેટલી નવીન જાતિઓ શોધી કાઢવામાં આવી છે. આ કાર્યમાં દેશની મુખ્ય સંસ્થાઓમાં ઝુઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI), બોટાનીકલ સર્વે ઑફ ઈન્ડિયા (BSI) અને વર્લ્ડ વાઈલ્ડ ફન્ડ ફોર નેચર (WWF) સામેલ છે.

આપણો ભારત દેશ વિશ્વના ૧૭ મેગાડાયવર્સ દેશો તરીકે જાહેર થયા છે. તે પૈકીનો એક છે. જેમાં ૪ સ્થળો બાયોડાયવર્સ હોટસ્પોર્ટ તરીકે જાહેર થયા છે. જેમાં હિમાલયા, વેસ્ટર્ન ઘાટ, ઉત્તર-પૂર્વીય ક્ષેત્ર અને નિકોબારના ટાપુઓ સામેલ છે. આપણો દેશ વિશ્વની ૨.૪ ટકા જમીન ધરાવે છે. તેની સામે ૭ થી ૮ ટકા જેટલું જાતિ વૈવિધ્ય છે. અહીંયા ૪૫૦૦૦ થી ૪૭૦૦૦ જેટલી વનસ્પતિ અને ૬૮, ૮૯૧ પ્રાણીઓ એમ કુલ ૧,૪૧, ૮૯૧ જેટલી જાતિઓ જોવા મળે છે. ભારત દેશ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટીમાં સહભાગી છે. આપણાં દેશમાં જૈવિક

અનુસંધાન પાના નં. ૭ પર

## પોતાના જ દેશમાં "રેફ્યુજી"...!!!



### રઝળપાટ

અજય ઉપાધ્યાય

૧૪ સપ્ટેમ્બર ૧૯૮૯માં ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ટીક્કુલાલની હત્યા સાથે અલગાવવાદીઓના ખૂની અને નગ્ન નાચનો દોર કાશ્મીર ઘાટીમાં શરુ થયો. આ હત્યાના એક જ મહિનામાં જેકેએલએફના નેતા મકબુલ બટ્ટને મોતની સજા સંભળાવનાર જજનું ખૂન થઇ ગયું તે પછી ૧૩ ફેબ્રુઆરીએ દુરદર્શન શ્રીનગરના નિર્દેશકની હત્યા થઈ. કાશ્મીર ઘાટીમાં આતંક ચરમસીમા પર પહોચ્યો હતો ને એમાં ભળ્યું ધર્મનું જનુન અને આ આતંક અને ધાર્મિક જનુનની અડફેટે ચડી ગયા કાશ્મીરના મૂળ રહેવાસીઓ અને સૌથી શાંત - સુશીક્ષિત અને પૈસાદાર પ્રજા - એટલે કે કાશ્મીરી પંડિતો. આતંકે પોતાના પગ પૂરી તરહ પહોળા કરી દીધેલા. કોમ કોમ વચ્ચે દુશ્મનાવટ ફેલાઈ ચુકેલી. આતંકના નિશાના પર હતા એકમાત્ર કાશ્મીરી પંડિતો. આખીયે ઘાટીમાં એક જ વાત ગુંજતી કે પંડિતોને કાશ્મીરથી બહાર કાઢો...બહાર કાઢો.

અલગતાવાદીઓની પંડિતોને કાશ્મીર છોડવાની ધાક ધમકીથી શરૂઆત થઈ જે ધીરે ધીરે કટ્ટરવાદ તરફ વળી ગઈ. બહુધા પંડિત અને મુસ્લિમો હળીમળીને જીવન વિતાવતા હતા એવામાં ધાર્મિક અને ખાસ તો પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદને લીધે એમાં તિરાડો પાડવા માંડી. જેહાદીઓ અને કટ્ટરપંથીઓના ખોફ સામે આમ પંડિત તો ઠીક પણ આમ મુસલમાન પણ લાચાર હતો. ઘાટીમાં જઘન્યતાનો દોર શરુ થયો. પંડિતોને ખુલ્લેઆમ કાશ્મી છોડીને ચાલ્યા જવાની ધમકીઓ અને નાં માને તો મોત મળવા માંડ્યું. ઘડિયાળોમાં પાકિસ્તાની સમય સેટ કરવાનું ફરમાન આવવા માંડ્યું...ભારતીય રૂપિયા નહિ પણ પાકિસ્તાની રૂપિયામાં જ વહેવાર કરવો એવા ફરમાનો આવ્યા...સિંદુર લગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો...પંડિતોની બહેનો-દીકરીઓ પર બળાત્કારો અને પંડિતોના ઘર-મકાનો સળગાવી દેવાની શરૂઆતો થઈ ચુકી...મસ્જિદોના લાઉડ સ્પીકરો પરથી પંડિતોને કાશ્મીર છોડીને ચાલ્યા જવાનું ફરમાન સતત કરવામાં આવ્યું... જેહાદીઓ અને કટ્ટરપંથીઓ દ્વારા જબરદસ્ત નફરત, આગજની, ખુનખરાબાનો દોર શરુ કરવામાં આવ્યો... મકસદ એક જ હતો - પંડિતોને કાશ્મીરની બહાર તગેડી મુકવા.

૧૯ જાન્યુઆરી ૧૯૯૦ - આ એ કાળમુખો દિવસ છે કે જયારે જેહાદીઓ અને કટ્ટરપંથીઓ એમના ઉપરોક્ત અભિયાનમાં સફળ થયા. ૧૯ જાન્યુઆરીના એ મનહુસ દિવસે અંદાજે ૩ લાખ જેટલા કાશ્મીરી પંડિતો પોતાનું બધું જ ત્યાં ને ત્યાં છોડીને અનિશ્ચિત સમય સુધી કાશ્મીર છોડીને નીકળી ગયા અથવા એમ કહો ને કે નીકળી જવા માટે મજબુર બન્યા . કોઈ શ્રીનગર ગયા તો કોઈ દિલ્હી - પણ બન્યા તો નિરાશ્રીતો જ. ઘર બાર અને જમીન જાયદાદ હોવા છતાં પણ કંગાળ અને રહેમો કર્મની જિંદગી જીવવા મજબુર બન્યા. આંકડાની દુનિયામાં નજર નાખીએ તો ૧૯૯૦માં આમ તો લગભગ ૭ લાખ જેટલા પંડિતો ઘરબાર છોડવા મજબુર બનેલા. એક સમયે ૧૫% જેટલી માતબર વસ્તી ધરાવતા આ પંડિતોની સંખ્યા હાલમાં કાશ્મીર ઘાટીમાં ફક્ત અમુક સો પરિવારો પુરતી જ સીમિત રહી છે. છેલ્લા આંકડાઓ મુજબ આ ટકાવારી ફક્ત ૧% જેટલી રહેવા પામી છે અને બહુ જલ્દી ૦% જવા તરફ જઈ રહી છે ત્યારે છેલ્લા ૨૫-૨૫ વર્ષોથી દર દરની ઠોકરો ખાઈ રહેલા કાશ્મીરી પંડિતોના અપાર દુખ દર્દનું હજુ પણ કોઈ યોગ્ય ઠેકાણું નથી પડ્યું એ વિશ્વની આ મહાન લોકશાહી દેશની એક શરમજનક ઘટના છે.

૧૯૯૦ની આસપાસ જ્યારે પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદની શરૂઆત થઈ રહી હતી અને ધાર્મિક આતંકવાદ ચરમસીમા પર પહોચવામાં હતો તે વખતે ત્યાની અને કેન્દ્રની સરકારો એ પંડિતોની બદહાલી નિવારવા કોઈ પગલાં લીધા નહિ. મૂળે પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદનો એકમાત્ર મંત્ર હતો કે કાશ્મીરને સમ્પૂર્ણ ઈસ્લામિક રાજ્ય બનાવવું અને સ્વાભાવિક પણે પંડિતોની આબાદી એમાં અડચણરૂપ હતી જ. એ વખતની કેન્દ્ર સરકાર પણ આ અઘોષિત ત્રાસવાદ/આતંકવાદનો સામનો કેમ કરવો એની અવઢવમાં હતી એવા સમયે પંડિતોની છાપ સરકારના મુખબીર તરીકે પડી ગયેલી. રાજ્યમાં બનેલા અમુક બનાવોમાં પકડાયેલા કે માર્યા ગયેલા ત્રાસવાદીઓની ભાળ આપવાનું આળ ઘણા પંડિતો પર આવ્યું અને સરવાળે અરાજક્તાવાડીઓના લીસ્ટમાં પંડિતો સરકાર અને સેનાના મુખબીર તરીકે ચિતરાઈ ગયા. જો કે આ એકમાત્ર કારણ નહોતું પંડિતો વિરુદ્ધ ચાલેલા કાશ્મીર થી નિકાલો અભિયાન નું.આ એ સમય હતો જયારે પાકિસ્તાન સરકાર કાશ્મીર પડાવી પાડવાના અનેકો પેતરા માહેનો એક એવો કાશમીરી જનતાને ગુમરાહ કરીને ધાર્મિક અને કોમી તણાવ પેદા કરવામાં કાર્યરત હતી અને એમાં સાથ મળ્યો જમ્મુ કાશ્મીર લીબરેશન ફ્રન્ટ અને હિજબુલ મુજાહિદીન જેવા સંગઠનોનો.

એવું નહોતું કે કાશ્મીરનો મુસલમાન પણ આ સંગઠનોની સાથે હતો પણ બંદુક અને ધર્મની શરમ અને બીક એને પણ નડી ગયેલી એ હકીકત છે. અતિશયોક્તિને એકબાજુ રાખીએ તો પણ એ વાતથી ઈનકાર નથી થઇ શકે એમ કે હજારો પંડિત સ્ત્રીઓ અને યુવતીઓનું જાતીય શોષણ કે હત્યાઓ કરી દેવામાં આવેલી...હિંદુ મંદિરો અને આશ્રમો નાશ કરી દેવામાં આવ્યા...અનેક પૂજનીય સ્થળો ને તોડી પડાયા...પંડિતોના અનેકો ઘરો અને વાડી કે બાગ બગીચાઓ, દુકાનોમાં યા તો આગ લગાડી દેવાયેલી અથવા તો એને ખેદાન મેદાન કરી નાખવામાં આવેલા. ઈવન જે થોડા ઘણા બચેલા એ લોકોની જમીન-ઘરો-દુકાનો મામુલી કીમતે પડાવી પાડવામાં આવેલી અને ઘણી જગ્યાએ પંડિતોએ મજબૂરીથી પાણીના ભાવે વેચેલી પણ. નોનસ્ટોપ ધાક ધમકીઓ અને આવા ભયાનક નરસંહારો વખતે એ વખતની ફારુક અબ્દુલ્લાની સરકારનું વર્તન પણ વિવાદાસ્પદ હતું, એમ માનો કે લગભગ બર્બરતા તરફી જ. દિલ્હીની એ વખતની સરકારે પણ મુક તમાશો જોયા કર્યો, સિવાય કે ઘાટીમાંથી નીકળી ગયેલા પંડિતો માટે પુનર્વસનના અમુક કાર્યક્રમો કે રાહત શિબિર સિવાય કશું જ આગળ વધીં શકી નહિ.

છેલ્લા પચીસ વર્ષોમાં ઘણી સરકારો બદલાઈ ગઈ છે પણ પંડિતોના પુનર્વસનનો પ્રયત્ન હજુ પણ ઠેર ને ઠેર છે. કાશ્મીર અને દિલ્હીમાં આવી ગયેલી સરકારોની તો વાત જવાદો પણ વાતેવાતે ઉછળકૂદ કરતા માનવાધિકારવાળાઓ, ઘડી ઘડી અસહીશનું થઇ જતા કલાકારો, કમોસમી વરસાદની જેમ ફૂટી નીકળતા મીણબત્તી સળગાવનારાઓ, લાંબી લાંબી બહેસોથી પ્રજાના કલાકો વેડફનારૂ મીડિયા, કહેવાતા બુદ્ધિજીવીઓ કે ઈવન સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી મનુષ્ય જાતિની હમદર્દ સંસ્થા સુધ્ધામાથી કોઈએ પણ વતનથી બેવતન થયેલા આ પંડિતોની વાચાને યોગ્ય અવાજ નથી આપ્યો. બહુમતીમાં જીવતી આ લઘુમતી કદાચ વોટબેંક નહિ હોય ? કાશ્મીરી પંડિતોની આજે એક આખી પેઢી આ પરાણે થયેલા દુખદ અને નિંદનીય ઘટનાક્રમને કારણે અસહ્ય દુખ વેઠી ચુકી છે. જઘન્ય નરસંહારને જોઈ ચુકેલી પંડિતોની આ પેઢી હવે એ

અનુસંધાન પાના નં. ૭ પર

## શું ઈશ્વરને તમે ઓળખો છો? આ રહ્યું ઈશ્વરનું સત્ય



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણે સૌ જાણીએ છીએ કે આપણી પૃથ્વી હવામાં લટકી રહી છે. પૃથ્વી પોતાની ધરી પર ૨૪ કલાકમાં એક આંટો પૂરો કરે છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ એક મહિનામાં એક આંટો પૂરો કરે છે. અને આ ચંદ્ર તથા પૃથ્વી બંને સૂર્યની આસપાસ ૩૬૫ દિવસમાં એટલે કે એક વર્ષમાં એક આંટો પૂરો કરે છે. આ બાબત આપણે સૌ સારી રીતે જાણીએ છીએ અને આનું સંપૂર્ણ શ્રેય આપણે ઈશ્વરને આપીએ છીએ. બ્રહ્માંડની ગુરુત્વાકર્ષણ શક્તિને નહીં. કોઈ સુપરશક્તિ આ બધું સંચાલન કરે છે એવું શ્રદ્ધાપૂર્વક માનીને આપણે સુરક્ષિત હોવાનું સુખ લઈએ છીએ. પણ ઈશ્વરના અસ્તિત્વ અંગે આજે કેટલાંક સત્યો મારે પ્રસ્તુત કરવા છે. શું ખરેખર ઈશ્વર છે ખરો? છે તો કયાં છે? નથી તો એના નામે જે આજે ચાલે છે એ શું છે? એની તાકાત કેટલી છે? ઈશ્વર છે તો કેમ દેખાતો નથી અને નથી તો એના બદલે મંદિર મસ્જિદમાં કોણ બિરાજે છે? આવા અનેક પ્રશ્નો મારે ઉકેલવા છે.

સૌથી પ્રથમ ઈશ્વરે આ પૃથ્વી પર આવી કયારેય કોઈને કહ્યું કે 'હું ઈશ્વર છું, મારી સ્થાપના કરો. મંદિર કે મસ્જિદ બનાવો' તો આ પ્રશ્નનો જવાબ આપણને 'ના' મળશે. અને આથી જ આપણા (માનવી) સિવાય પૃથ્વી ઉપર કોઈ જીવ ઈશ્વરને માનતો નથી. પશુ-પક્ષી કે જળચર પ્રાણીઓ કયાંક ઈશ્વર જેવું નથી. એટલે કે માનવીએ જ ઈશ્વરનું સર્જન કર્યું છે. અને પૃથ્વી ઉપર માણસ જે સ્થળે નથી પહોંચ્યો તે સ્થળે કયાંક મંદિર કે મસ્જિદ નથી બન્યા. જેમ કે પૃથ્વી ઉપરના ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ માત્ર બરફાચ્છાદિત પ્રદેશો છે. તો ત્યાં કયાંક મંદિર કે મસ્જિદ કે ચર્ચ નથી. એટલે કે ઈશ્વર નથી અને જયાં જયાં જેવા માણસો તેવા ભગવાન બનાવવામાં આવ્યા છે. માણસને ઈશ્વર માટે જેવી કલ્પના આવી તેની રીતે તેણે ચિત્ર કે વાર્તા સ્વરુપ રજૂ કર્યા. અને સમાજે એ સ્વીકારી લીધું એ ભલે સતયુગ કહેવાતો હોય પણ મારી દષ્ટિએ એ અંધશ્રદ્ધા યુગ હતો એ વખતના બ્રાહ્મણોએ, ઋષિમુનિઓએ સમાજ વ્યવસ્થા અને પોતાના સ્વાર્થ ખાતર અનેક પ્રકારના દેવી દેવતાઓની કથા બનાવીને સમાજ સામે રજૂ કરીને બધાને પાપ પુણ્યના નામે ડરાવી રાખ્યા. અને પરિણામે અનેક ઈશ્વર, અનેક ધર્મ, સંપ્રદાયો, જન્મ્યા છે. આજે પણ રોજ નવા નવા ઈશ્વરો જન્મી રહ્યા છે. 'સંતોષી મા' અને બીજા ઘણા દેવ દેવીઓ આજે છે તેઓ ગયા ૨૫-૩૦ વર્ષ પહેલાં કયાંક નહોતા. જેઓનો વેદો પુરાણો કે ઉપનિષદોમાં ય કયાંક ઉલ્લેખ નથી. આ બધા દેવીદેવતાઓની પ્રાર્થનાઓ, આરતીઓ, પૂજાઓ જુદી જુદી છે. જુદા પ્રસાદો, રીત રિવાજો, જુદા ભવનો છે. આ બધું જુદું શા માટે? જો પૃથ્વી ઉપર ઈશ્વર (સુપરશક્તિ) એક જ હોય તો આ બધું જુદાપણું શા માટે? અને જેનું અસ્તિત્વ જ નથી અને એક સુપરશક્તિ છે તો આ ભાગ, સ્વરુપ, કથાઓ, ગ્રંથો, ધર્મો, ભવનો જુદા જુદા કરવાનું દુષ્કૃત્ય તો માણસે જ કર્યું છે. અને આટલું બધું હોવા છતાંય હજી માણસને સાક્ષાત ઈશ્વર- સદેહે મળ્યા હોય એના કોઈ પુરાવા આપણી પાસે નથી. આ વાત હું પણ હંમેશા કહેતો આવ્યો છું કે જેને આપણે કે આપણી દસ વીસ પેઢીએ જોયો નથી. મળ્યા નથી ઓળખતા નથી એવા 'ઈશ્વર'ની ભક્તિમાં, ભજનમાં, પૂજામાં, ધર્મના પાલનમાં કે બંદગીમાં મોટેભાગે આપણે આપણી ફરજ ચૂકી જઈએ છીએ. ઘરમાં ઉછરતા નાના બાળકો, વૃદ્ધ માતા પિતાને દુઃખી કરીએ છીએ. આપણે નિયમિત મંદિર જઈને પથ્થરની નિર્જીવ મૂર્તિનો શ્રૃંગાર કરીએ છીએ જળાભિષેક કરીએ છીએ. પરંતુ ઘરમાં વૃદ્ધ માતાપિતાને નહાવા ગરમ પાણી કે સ્વચ્છ ટુવાલ કે કપડાં આપી શકતા નથી. (જય સ્વામીનારાયણ, જયશ્રી કૃષ્ણ) બીજું એક સત્ય એ પણ છે કે ઈશ્વરમાં માનવાવાળા (મારા સહિત) કરતા નહીં માનવાવાળા વધુ સારી રીતે - સુખેથી જીવે છે. સમૃદ્ધિમાં જીવે છે. એ પણ એક હકિકત છે. ખરેખર તો ઈશ્વર કયારેક કોઈનું ભલું કે બુરું કરી જ ના શકે. ઈશ્વર કયારેય ભ્રષ્ટાચાર, અન્યાય, ચોરી, બળાત્કાર, આતંકવાદ રોકી શકતો નથી. નાના-નાના ભૂલકાંઓ ઉપર અંધાધૂન્ય ગોળીબાર કરનાર કે મંદિર કે મસ્જિદમાં જઈને ભક્તો ઉપર ગોળીબાર કરનાર આતંકવાદીઓને ઈશ્વરે કયારે રોક્યા? જો ઈશ્વર હોય તો ધર્મસ્થાનો પર, મોટા પ્રસિદ્ધ મંદિરો-મસ્જિદો પર ભક્તો, બાળકો સુરક્ષિત કેમ નથી? એમને પોલીસ સુરક્ષાની જરુર શા માટે પડે છે? મંદિર કે મસ્જિદ તોડી નાખતી વખતે એક પણ ઈશ્વરે કે ખુદાએ આવીને વિરોધ કેમ ના કર્યો? જેમને બ્રહ્મચારીના આદર્શ દેવા માનવામાં આવે છે એવા સમાજપ્રિય દેવ હનુમાનજીનું નામ 'રંગીલા હનુમાન' રાખવા છતાંય હનુમાનજીએ કોઈને રુબરુ કે સપનામાંય રોકયાનું મારી જાણમાં નથી. વળી અત્યાર સુધી કયારેય એવું પણ નથી બન્યું કે કોઈ પરમ શ્રદ્ધાળું વિદ્યાર્થીએ ઈશ્વરનું નામ લઈ પેપર કોરું મૂક્યું હોય અને ઈશ્વરે એને પરીક્ષામાં પાસ કર્યો હોય. અથવા ઈશ્વરમાં શ્રદ્ધા રાખી રાખીને પારિવારિક પ્રસંગો દેણું કરીને ઉકેલનાર અને પછી દેણું વધી જતા આત્મહત્યા કરનાર એકેય પિતાને ઈશ્વરે રોક્યા નથી કે એવા પિતાના જીવ બચાવ્યા નથી. ભૂજ, નેપાળ, આસામ, મહારાષ્ટ્ર કે અન્ય ભૂકંપોમાં, સુનામીઓમાં, વાવાઝોડાઓમાં અનેક શ્રદ્ધાળુઓ, ભક્તોના મૃત્યુ થયા છે. ઈશ્વર એમને બચાવવા કયારેય નથી આવ્યા. વૈષ્ણોદેવી, કેદારનાથ, હિમાલય કે હજની યાત્રાઓ લોકો કેટલી બધી શ્રદ્ધા-ભક્તિ અને મનમાં પવિત્રતા લઈને જાય છે છતાંય કુદરતી હોનારત, આતંકવાદી હુમલાઓમાં હજારો ભક્તો જીવ ગુમાવે છે. કયારેક કોઈ જગ્યાએ ઈશ્વરે પ્રગટ થઈ આ બધું રોક્યું હોય એવું હજી સુધી બન્યું નથી. પુરાણોમાં રામ કે હનુમાન કે કૃષ્ણએ રાક્ષસોનો નાશ કર્યો એ વાંચી કે સાંભળી આપણે રાજી થઈએ છીએ. પણ અત્યારે સમાજમાં અનેક આતંકવાદીઓ, ગુંડાઓ, ઈશ્વરના નામે લૂંટતા ધર્મગુરુઓ, ભ્રષ્ટાચારી નેતાઓ છે. કેમ કદી કોઈ રામ, હનુમાન કે કૃષ્ણ આવીને આ બધાનો નાશ નથી કરતા? અગાઉનાં ધર્મગ્રંથોમાં ઉલ્લેખીત આ 'કળિયુગ' હોવાનું આપણે સ્વીકારી લઈએ છીએ. જેમને કદી પાપ નથી કર્યું એવા અસંખ્ય બાળકો જીવલેણ રોગમાં મૃત્યુ પામ છે. કરોડો બાળકોને પહેરવાં કપડાં નથી, રહેવા ઘર નથી અને એક ટાઈમ પણ ખાવા માટે રોટલી નથી. કયાં છે ઈશ્વર? પ્રસિદ્ધ મંદિરોના પરમ પૂજ્ય પૂજારીઓ, ભક્તો નિયમિત પૂજા અર્ચના, ધ્યાન, દાન-ભક્તિ કરતા હોવા છતાંય તેઓ ડાયાબિટીસ કે હાર્ટએટેક કે અન્ય કોઈ ભયંકર બિમારીથી મૃત્યુ પામે છે. કેમ ઈશ્વર એમને બચાવતા નથી? પાપ કરનારને મજા અને પુણ્ય કરનારને સજા? આ કેવો ન્યાય ઈશ્વરનો?

ઈશ્વરના અસ્તિત્વને બીજી રીતે જોઈએ તો આ સંસારમાં પૈડાની શોધ કોણે કરી? અગ્નિની શોધ કોણે કરી? કાગળની, ખેતીની, વીજળીની શોધ કોણે કરી? મોટા મહેલો, આલીશાન બંગલાઓ કોણે બંધાવ્યા? મોટા મોટા જહાજો, હવામાં ઉડતા તોતિંગ વિમાનો, કાર, બસ, ટ્રેન, ટેલિફોન, મોબાઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ગૂગલ, ફેસબુક, વૉટ્સએપ, ટ્વિટર, રોબોટ... આ બધું કોણે બનાવ્યું? અરે આ સમાજનું નિર્માણ કોણે કર્યું? ધર્મ, સંપ્રદાય, મંદિર-મસ્જિદ, ચર્ચ કોણે બનાવ્યા? એમાં ઈશ્વર, અલ્લાહ, જીજસને કોણે બેસાડ્યા? આ બધા ચમત્કારો માણસે કર્યા છે છતાંય આપણી કોઈ પણ પેઢીને જોયો નથી, સાંભળ્યો નથી, એનામાં ભરપૂર વિશ્વાસ મૂકીને જે આપણી સામે છે, આપણા ઘરમાં છે,

અનુસંધાન પાના નં. ૭ પર